દધાલિયા નજીક મુસાફરોથી ખીચોખીચ ભરેલ એસટી બસ ખાડામાં ઉતારતા અફડાતફડી

દધાલિયા ઉમેદપુર શણગાલ જેવા ૨૦થી વધુ ગ્રામ્ય વિસ્તારમાં શાળા છૂટવાના સમયે એકજ બસ હોવાથી ૧૦૦થી વધુ વિદ્યાર્થિઓ મોતની સવારી કરવા મજબુર બને છે. સોમવારે સાંજના સુમારે મુસાફરો અને વિદ્યાર્થીઓથી ખીચોખીચ ભરેલી મોડાસા-પાણીબાર-મોડાસા બસ દધાલિયા નજીક રોડ સાંકળો હોવાથી શણગાલ તરફ જતી બસ સામેથી અન્ય બસ આવતા બસના ચાલકે રિવર્સ લેતા બસ રોડ નજીક ખાડામાં ખાબકતા ભારે અફડાતફડી મચી હતી. બસમાં મુસાફરી કરનાર મુસાફરોએ ચીસાચીસ કરી મુકતા ગામલોકો દોડી આવ્યા હતા અને બસમાથી મુસાફરોને સલામત રીતે બહાર કાઢવામાં આવતા હાશકારો અનુભવ્યો હતો. બસ ચાલકને સામાન્ય ઈજાઓ પહોંચતા પ્રાથિમક સારવાર આપવામાં આવી હતી. મરડીયાથી દધાલિયા સુધીનો નવીન રોડ સાંકળો હોવાથી વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ડીસા નગરપાલિકાની શાખાઓની લાલીયાવાડીની તટસ્થ તપાસ કરવા માંગ

ડીસા, તા. ૨૪

બનાસકાંઠાની ડીસા નગરપાલીકાની કેટલીક શાખાઓની તટસ્થ તપાસ કરાય તો વિવિધ કામોમાં આચરાયેલી ગેરરીતીઓનો ઘટસ્ફોટ થઈ શકે તેમ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પાલિકામાં કૌભાંડો આચરી સરકારના કાયદાઓને ધોળીને પી જનારાઓની પોલ ખોલવા ઊંડી અને તટસ્થ તપાસ જરૂરી હોવાનું નગરજનોમાં ચર્ચાઈ રહ્યું છે. જો કે રાજયસેવક તરીકે ફરજ બજાવતા અને તમામ શાખાઓનું સંચાલન તેમજ દેખરેખ રાખતા ડીસા નગરપાલીકાના ચીફ ઓફીસર જાગૃતતા દાખવી જાત તપાસ અને નીરીક્ષણ કરે તો ઘણી શાખાઓમાં ભ્રષ્ટાચાર આચરતા પાલિકાકર્મીઓની પોલી ખુલી શકે તેમ છે.

ડીસા નગરપાલીકામાં રાજય સેવક તરીકેની ફરજ દરમ્યાન લાલિયાવાડી ચલાવનાર પાલિકાના પૂર્વ કર્મચારી જગદીશભાઈ જોષી સામે એક જાગૃત નાગરિકે માહિતી અધિકાર અન્વયે સચોટ માહિતી માંગતા જગદીશભાઈ જોશીએ તેમના ફરજકાળ દરમિયાન ખોટા દસ્તાવેજ અને ખોટા સીલ સિક્કા કરી પાલીકાની મિલ્કતને બીજાને નામે કરી રાજય સેવક તરીકે આચરેલી ગેરરીતિઓ બહાર આવ્યા બાદ પાલિકા તંત્રએ ડીસાના દક્ષિણ પોલીસ મથકમાં જગદીશચંદ્ર જોષી સામે ફરિયાદ નોંધાવી છે. ત્યારે પાલીકાના ચીફ ઓફિસર પાલીકાની તમામ શાખાઓના કર્મીઓની કામગીરીનો અહેવાલ માંગે તો કર્મીઓએ ફરજ દરમ્યાન આચરેલી ગેરરીતિઓનો પર્દાફાશ થાય તેમ હોવાનું શહેરમાં ચોરેને ચૌટે ચર્ચાઈ રહ્યું છે. આ બાબતે પાલીકાના ચીફ ઓફિસર જો કુણુ વલણ દાખવશે તો ફરી કોઈ જાગૃત નાગરીક પાલીકાની વિવિધ શાખાઓના કૌભાંડી કર્મીઓની ફરજ અને કામગીરીનો હિસાબ માંગે તેવું પણ બની શકે.આવી સ્થિતિમાં માહિતી અધિકારનું હથિયાર પાલિકાની પોલ ખોલે તે પૂર્વે મુખ્ય અધિકારી જ કડક બની તટસ્થ અને સચોટ તપાસ કરાવે તેવી જનમાંગ ઉઠી છે.

ઉલ્લેખનીય છે કે ડીસા પાલીકામાં ઈન્સપેકટર તરીકે ફરજ બજાવતા કર્મચારી પાસે જગદીશભાઈએ કરેલ છેતરપીંડી અંગેના દસ્તાવેજ તપાસમાં નહી ગયા હોય ? અને જો દસ્તાવેજ તપાસમાં ગયા તો ઈન્સપેકટરે કેમ કાચું કાપ્યું તે બાબતે પણ જાગૃત નગરજનોમાં અનેક સવાલો ઉઠી રહ્યા છે.

સ્વ. કવિ ઉમાશંકર જોષીની ૧૦૮મી જન્મજયંતી ઉજવાઈ

વિશ્વ કવિ, ઉમાશંકર જોશીના બામણા ગામે શાળા-કોલેજમાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર અને હિંમતનગર, સાગર અકાદમીના સંયુક્ત ઉપક્રમે શ્રી બામણા-પુનાસણ સ્કૂલ કેળવણી મંડળ, મુંબઈના સહયોગથી 'સ્વ. કવિ ઉમાશંકર જોશીની ૧૦૮મી જન્મજયંતી' ગુજરાતભરના કવિવૃંદો-ગઝલકારોની ઉપસ્થિતિમાં ઉજવાઈ. સમારંભના અધ્યક્ષપદે સાબરકાંઠા જિલ્લાના પૂર્વ સંસદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ, અતિથિ લાલુભાઈ પંડ્યા, અકાદમીના પ્રમુખ ભરત વ્યાસ અને નામાંકિત ગઝલકાર મુસાફિર પાલનપુરી, કવિ કૃષ્ણ દવે, સાહિત્યકાર પ્રાગજીભાઈ ભામ્ભી, કવિઓ વર્ષા પ્રજાપતિ, કવિ આબીદ ભટ્ટ, કવિ રવિ દવે, કવિ દિલીપ ગજ્જર (ઈંગ્લેન્ડ), ડૉ. યશોધર રાવલ, ડૉ. ઉત્પલ પટેલ, ડૉ. મનીષા દવે, પ્રિ. ડૉ. કલ્પનાબેન પટેલ, આચાર્ય આર.ડી. પટેલની ઉપસ્થિતિમાં કવિ ઉમાશંકર જોશીની વ્યાખ્યાનમાળા, સુગમસંગીત કાર્યક્રમમાં કાવ્ય, ગીતોનુ રસપ્રદ રીતે ગાન કરવામાં આવ્યુ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન દિગીશા ગજ્જર, ડૉ. ભીખાભાઈ પટેલે કર્યુ. આભારદર્શન હિંમતનગર, સાગર અકાદમીના પ્રમુખ ભરત વ્યાસે કર્યુ હતુ.

હિંમતનગર સિનીયર સિટીઝન એસો.ની સાધારણ સભા યોજાઈ

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગર સિનીયર સિટીઝન એસોસીએશનની સાધારણસભા તાજેતરમાં મહાવીરનગર વિસ્તારમાં આવેલ ઉમિયા પરીવાર વાડીમાં યોજાઈ હતી. આ સભામાં ૪૦૦ સભાસદોની હાજરીમાં ૮૦ વર્ષ પૂર્ણ કરેલ ૨૬ સિનીયર સિટીઝન્સોનું સન્માન કરી સાલ ઓઢાડવામાં આવી હતી તેમજ નગરપાલિકા દ્વારા સિનીયર સિટીઝન્સ એસોસીએશનની ઓફીસ માટે જગ્યા ફાળવવા બદલ નોંધ લઈ કાર્યને બિરદાવવામાં આવ્યુ હતુ.

પડલાઈમાં ખેતરમાં ભેલાણ કરવા બાબતે ઝઘડો થતા ફરીયાદ

હિંમતનગર, તા. ૨૪

વિજયનગર તાલુકાના પડલાઈ ગામે રવિવારે ખેતરમાં બાજરીના પાકમાં ભેલાણ કરવા બાબતે થયેલ ઝઘડામાં એક ઈસમે અન્ય એક ઈસમ પર હુમલો કરી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ સોમવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગે પડલાઈ ગામના રાજેશકુમાર જુમાજી ચૌહાણે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ રવિવારે તેમની સાથે ખુમાજી મરતાજી ચૌહાણે ખેતરમાં બાજરીનું ભેલાણ કરેલ હોઈ તે બાબતે ઠપકો આપતા ખુમાજી ચૌહાણે એકદમ ઉશ્કેરાઈ જઈ રાજેશકુમાર ચૌહાણ પર લાકડીથી હુમલો કરી ઈજા પહોંચાડી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી રાજેશકુમાર ચૌહાણે ખુમાજી ચૌહાણ વિરૂદ્ધ સોમવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

અરવલ્લી અંતરીયાળ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી શિબિર

મેઘરજ, તા. ૨૪

મેઘરજ જલારામ ટ્રસ્ટ અને તપસ્યા ચે.ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓ માટે મોટીવેશન કેમ્પ યોજાયો.

મેઘરજ તાલુકાના આદિવાસી વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ માટે પ્રોત્સાહિત કરતો, કારકિર્દી માર્ગદર્શન માટેની શીબીર મેઘરજ રામદેવ આશ્રમના રામદેવપુત્રમ, મોડાસાના સામાજિક કાર્યકર નિલેશભાઈ જોષી, ગાંધીનગર દિવ્યાંગ શાળાના આચાર્ય ગમારની ઉપસ્થિતિમાં રાજ્યના જાણીતા મોટીવેટર દિવ્યાંગ ગોર દ્વારા વિદ્યાર્થીઓને જીવનમાં પોતાની રીતે આયોજન કેવી રીતે કરવુ અને આ સમયે કારકિર્દી માટે કયો માર્ગ પસંદ કરવો તેનુ માર્ગદર્શન આપ્યુ. આ કાર્યક્રમનુ સંચાલન તપસ્યા ટ્રસ્ટના ફાઉન્ડર અમિત કવિ દ્વારા કરવામાં આવ્યુ. સમગ્ર આયોજન જલારામ હોસ્પિટલના પ્રમુખ ડૉ. બંસીસિંહ અને તેમની ટીમ દ્વારા થયુ.

અરવલ્લી જિલ્લામાં આરટીઓ કચેરીની કામગીરીની એસીતેસી, મોતની મુસાફરી હપ્તારાજમાં યથાવત

અરવલ્લી આરટીઓ કચેરી મોતની મુસાફરી હંકારતા પેસેન્જર સામે લાલ આંખ, ૨૫થી વધુ વાહનો ડિટેન

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લામાં હપ્તારાજની આડમાં ખાનગી પેસેન્જર વાહનચાલકો મુસાફરોના જીવ જોખમમાં નાખી વાહનોની અંદર ઉપર નીચે ભરીને હંકારી બેફામ બનતા જિલ્લા એઆરટીઓ કચેરીના અધિકારીઓ અને પોલીસતંત્રની કામગીરી સામે લોકોએ ફિટકાર વરસાવતા આખરે સોમવારે આળસ ખંખેરી ૨૫થી વધુ ખાનગી પેસેન્જર વાહનચાલકો સામે લાલ આંખ કરી લાખ્ખો રૂપિયાનો દંડ ફટકારી ડિટેન કરતા વાહનચાલકોમાં હડકંપ મચ્યો હતો. મંગળવારે પણ જીલ્લાના માર્ગો પર મોતની સવારી કરાવતા વાહનચાલકો નજરે ચઢતા જિલ્લા આરટીઓ કચેરીની કામગીરી શંકાના દાયરામાં આવી ગઈ હતી.

સોમવારે જિલ્લા આરટીઓ કચેરીની મોતની બેફામ બની મુસાફરી કરાવનાર ખાનગી વાહનો સામે સખ્ત કાર્યવાહી કરી ૨૫થી વધુ જીપ સહીત લકઝરી બસ ડિટેન કરી લાખ્ખો રૂપિયાનો દંડનીય કાર્યવાહી છતાં કોઈ પણ જાતનો આરટીઓ કચેરી કે પોલીસતંત્રનો ખોફ ન હોય તેમ ખાનગી વાહનચાલકો મોતની મુસાફરી કરાવતા જોવા મળતા આરટીઓ કચેરીના અધિકારીઓની કામગીરી સામે અનેક પ્રશ્નો પેદા થયા હતા અને ઉઘરાણા કરી આંખો સામે મોતની મુસાફરી કરાવનાર ખાનગી પેસેન્જર વાહનચાલકો સામે કરાયેલી એકાએક કામગીરીથી જિલ્લાવાસીઓમાં અચરજ ફેલાવાની સાથે અધિકારીઓને હપ્તો ઓછો પડ્યો કે પછી ગાંધીનગરથી આદેશ થયો તે ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની હતી.

ખેડબ્રહ્માના વિખરણ ગામનો બાળક સાબરમતીમાં ડૂબી જતાં મોત

સાબરમતી નદીના ઉપરવાસમાં સારો વરસાદ થયો હોય નદીમાં પાણી નવા નીર આવેલ હોઈ વિખરણ ગામના બાળકો નહાવા ગયેલા જેમાં એક બાળક ડૂબી જતાં મરણ પામેલ.

ખેડબ્રહ્મા તાલુક પોલીસના જણાવ્યાઅનુસાર વિખરણ ગામના કોનાભાઈ વેલાભાઈ ખોખરીયાનો પુત્ર અરજણ ૧૪વર્ષનો સાબરમતી નદીમાં પાણી આવેલ હોઈ ગામના બીજા બાળકો સાથે રવિવારના સાંજના સમયે નદીમાં નહાવા ઉતરેલા હતા. જે નહાતા નહાતા ઊંડી જગ્યાએ જતો રહેતા ડૂબી ગએલ. જેથી સાથી બાળકોએ બુમાબુમ કરતા ગામના લોકોને બોલાવતા જ્યાં બાળકો નહાતા હતા ત્યાં અર્જનભાઈની શોધખોળ શરૂ કરેલી. જે સાંજે ૬ વાગ્યાની આસપાસ અરર્જનનો મૃતદેહ મળી આવેલ. જે અંગે કાનાભાઈએ ખેડબ્રહ્મા પોલીસને જાણ કરતા પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી.

પાલનપુરમાં બે માર્ગ અકસ્માતમાં બે યુવકોના મોત

અમીરગઢ તાલુકાના ખાપા ગામના અને વર્તમાન સમયે પાલનપુર તાલુકાના ધાણધા ગામે બીસુભાઈ રહેમતખાન મંડોરીના કુવા ઉપર રહેતા ૩૦ વર્ષીય ચોપાભાઈ ઉદાભાઈ ડામોર બાઈક નંબર જી. જે. ૦૮. એસ. ૭૧૮૮ લઈને હેબતપુરા પાસેથી પસાર થઈ રહયા હતા. જેમાં ચોપાભાઈનું અમદાવાદ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જ્યારે બીજા એક માર્ગ અકસ્માતમાં પાલનપુર સ્વસ્તિક માર્બલ પાસે આઈસર ટ્રક નંબર જી. જે.૦૨.એક્સ. એક્સ. ૪૧૮૪ના ચાલકે વડગામના માલોસણા ગામના લખમણભાઈ પૂંજાભાઈ મેજિયાતરને ટક્કર મારતા તેમનું મોત નીપજ્યું હતું.

ભીલોડામાં જિલ્લાકક્ષાની ફૂટબોલ સ્પર્ધા યોજાઈ

અરવલ્લી જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા આયોજિત વિવિધ વયની ફૂટબોલ સ્પર્ધાઓ ભીલોડા ખાતે યોજાઈ હતી. જિલ્લા ફૂટબોલ કન્વિનર મુકેશભાઈ સી. ત્રિવેદીએ જણાવ્યું હતું કે અંડર-૧૯ ફૂટબોલ સ્પર્ધા, સુબ્રટો કપ ફૂટબોલ અંડર-૧૪ અને અંડર-૧૭માં સેન્ટ ઝેવિયર્સની ટીમ ચેમ્પીયન થઈ જ્યારે એન.આર.એ. વિદ્યાલયની ટીમ રનર્સ-અપ થઈ હતી.

પાલનપુર - વડગામ પંથકમાંથી પંદર જુગારીયા ઝડપાયા

પાલનપુર તાલુકાના મોટા ગામ તેમજ વડગામના છાપી હાઈવેથી પીરોજપુરા રોડ પર રજોસણા ગામની સીમમાં પોલીસે ઓચિંતો છાપો મારી કુલ ૧૫ જુગારીયાઓ ને ઝડપી લીધા હતા. જેમની પાસેથી રૂપિયા ૧૫૫૫૦નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા જુગારીયાઓ ફફડી ઉઠ્યા છે.

પાલનપુર તાલુકાની ગઢ પોલીસ ની ટીમે મોટા ગામની સીમમાં રેડ કરતા ચાર ઈસમોને પોલીસે તીનપત્તી જુગાર રમતા રોકડ રકમ રૂ.૪૨૫૦ તથા જુગારના સાહિત્ય સાથે ઝડપી લીધા હતા. તેમની સામે ગઢ પોલીસ મથકે જુગાર ધારા એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે છાપી પોલીસ મથકની હદમાં આવેલા છાપી હાઈવેથી પીરોજપુરા રોડ પર રજોસણા ગામની સીમમાં પોલીસે તપાસ કરતા ૧૧ જુગારીયા જાહેરમાં બેસી તીનપત્તીનો જુગાર રમતા હોઈ રોકડ રકમ રૂ.૧૧૩૦૦/- તથા જુગાર સાહિત્ય સાથે ઝડપી લઈ તેમની સામે છાપી પોલીસ મથકે જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા જુગારીયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

મોટા ગામથી ઝડપાયેલા જુગારીયાઓના નામ : (૧) ભીખાજી નવાજી ઠાકોર (૨) વદનજી વરસંગજી ઠાકોર (૩) કનુજી સોરાબજી ઠાકોર (૪) જવાનજી ચેનજીજી ઠાકોર (રહે.તમામ મોટા,તા.પાલનપુર)

રજોસણા સીમમાંથી ઝડપાયેલા જુગારીયાઓના નામ : (૧) રીઝવાનભાઈ કેશરભાઈ રાઠોડ (રહે.વડગામ) (૨) મોસીનખાન ઈકબાલખાન નાગોરી (રહે.છાપી,તા.વડગામ) (૩) તોફીકઅલી સાબીરઅલી સૈયદ (રહે.છાપી લાઠીબજાર,તા.વડગામ) (૪) સલમાનખાન ઈકબાલખાન નાગોરી (રહે.છાપી ગ્રીનપાર્ક સોસાયટી) (૫) ઈમરાનખાન ઈમામખાન નાગોરી (રહે.મહેંદીપુરા,તા.વડગામ) (૬) જુલ્ફીકાર મકબુલઅલી સૈયદ (રહે.છાપી વિરમાયાનગર) (૭) શાહરૂખ જહુરખાન નાગોરી (રહે.નાનીબજાર,પાલનપુર) (૮) મુદ્દતસર જરારખાન નાગોરી (રહે.હુસેનીચોક,પાલનપુર) (૯) ઈમરાનખાન પીરોજખાન પઠાણ (રહે.વેસા,તા.વડગામ) (૧૦) અનવરખાન મહમદખાન નાગોરી (રહે.સિધ્ધપુર, નવાવાસ) (૧૧) વાહીદઉલ્લા અબ્દુલ્લાભાઈ શેખ (રહે.ખારાવાસ,પાલનપુર)

હિંસક બન્યું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જોગવાઈ કરી હતી. આના માટે પ્રથમ વખત ઈકોનોમિકલી એન્ડ બેકવર્ડ કોમ્યુનિટીની કેટેગરી બનાવવામાં આવી હતી. આ રીતે કુલ ૫૧ ટકા અનામત ક્વોટાથી વધી જતા અડચણો ઉભી થઈ હતી. મોડેથી મુંબઈ હાઈકોર્ટે મરાઠા અનામત ઉપર પ્રતિબંધ મુકીને કહ્યું હતું કે, મરાઠાઓને પછાત વર્ગમાં ગણી શકાય તેમ નથી. હજુ પણ આ મામલો કોર્ટમાં પેન્ડિંગ છે. મરાઠા સમુદાય ઈચ્છે છે કે, સરકાર અનાતમની એવી વ્યવસ્થા તૈયાર કરે જેના કોર્ટ ફગાવી શકે નહીં. મહારાષ્ટ્રની કુલ વસ્તી પૈકી ૩૩ ટકા મરાઠી વસ્તી છે. એક સમુદાય તરીકે રાજકીયરીતે પણ ખુબ પ્રભાવશાળી અને શક્તિશાળી છે. ૧૯૬૦માં રાજ્યની રચના થયા બાદથી મહારાષ્ટ્રમાં બનેલા ૧૭ મુખ્યમંત્રી પૈકી ૧૦ આ સમુદાય સાથે જોડાયેલા રહ્યા છે. રાજ્યમાં ૫૦ ટકા શૈક્ષણિક સંસ્થાઓ ઉપર મરાઠા નેતાઓનું નિયંત્રણ છે. મહારાષ્ટ્રની અર્થવ્યવસ્થામાં ખાંડ મિલોની મહત્વની ભૂમિકા છે. ૨૦૦ ખાંડ મિલોમાંથી ૧૬૮ પર મરાઠાઓનું અંકુશ રહેલું છે. ૭૦ ટકા જિલ્લા સહકારી બેંકો ઉપર મરાઠાઓનું વર્ચસ્વ રહેલું છે. મહારાષ્ટ્રમાં અનામતને લઈને હિંસાની શરૂઆત થઈ છે. આજે અનેક જગ્યાઓએ આગ ચાંપવામાં આવી હતી. દેખાવકારોએ માર્ગો ઉપર ટાયર સળગાવીને વિરોધ કર્યા હતા.

યાત્રિકો ફસાયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખરાબ હવામાનના કારણે ગૂંજી આધાર શિબિરના માર્ગમાં છેલ્લાં કેટલાક સમયથી ફસાયેલા કૈલાસ માનસરોવર યાત્રાના ચારધામની યાત્રાની નોડલ એજન્સીએ કેન્દ્ર સરકારને અપીલ કરી છે કે જ્યાં સુધી ભાવિકોનો પ્રવાહ આગળ વધે નહિ થાય ત્યાં સુધી નવા ગ્રૂપને આગળ જવા દેવામાં ન આવે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે યાત્રાના આઠમા જૂથના ૫૮ ભાવિક ખરાબ હવામાનના કારણે પિથૌરાગઢના નૈની અને સૈણીં હવાઈપટ્ટીથી ગૂંજી આધાર કેમ્પ માટે રવાના થઈ શકી નથી.

મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. ત્યાર બાદ પોતાને રાષ્ટ્રપતિ જાહેર કરીને ૧૪ વર્ષ સુધી રાષ્ટ્રપતિ શાસન ચલાવ્યુ હતુ. પાકિસ્તાનમાં ચાર દિવસથી લઈને ૧૫૪૭ દિવસો સુધી વડાપ્રધાનની અવધિ રહી છે. લિયાકત અલી સૌથી વધારે સમય સુધી એટલે કે ૧૫૨૩ દિવસ સુધી વડાપ્રધાન તરીકે રહ્યા હતા. મોહમ્મદ અલી ૮૪૭ દિવસ સુધી વડાપ્રધાન તરીકે રહ્યા હતા. જુલ્ફીકાર અલી ભુટ્ટો ૧૪૨૧ દિવસ સુધી વડાપ્રધાન તરીકે રહ્યા હતા. નવાઝ શરીફ ૮૯૪ દિવસ સુધી વડાપ્રધાન તરીકે રહ્યા છે. બેનેઝીર ભુટ્ટો ૧૧૧૩ દિવસ સુધી વડાપ્રધાન તરીકે રહી ચુક્યા છે.

ઈમરાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમની પાર્ટીની સામે કાવતરા ઘડવામાં આવી રહ્યા છે. પનામા પેપર લીકના મામલામાં નવાઝ શરીફ પહેલાથી જ ફસાઈ ચુક્યા છે. નવાઝ શરીફ પોતાની પુત્રી અને જમાઈની સાથે ભ્રષ્ટાચારના કેસના મામલામાં જેલમાં છે. બીજી તરફ તેમની પાર્ટીના ઉમેદવારોને રોકવામાં આવ્યા છે અથવા તો અન્ય કારણોસર અયોગ્ય જાહેર કરાયા છે. નવાઝ શરીફ અને સેનાના વરિષ્ઠ જનરલો વચ્ચે અર્થવ્યવસ્થા અને ભારતની સાથે સંબંધોને લઈને મતભેદ રહ્યા છે. નવાઝ શરીફને એક એવા નેતા તરીકે ગણવામાં આવે છે જે ભારત સાથે મંત્રણાની તરફેણ કરે છે પરંતુ પાકિસ્તાની સેના આનો વિરોધ કરે છે. બીજી બાજુ ઈમરાન ખાન ખુલ્લીરીતે સેના પ્રત્યે પોતાનું સમર્થન જાહેર કરી ચુક્યા છે. ઈમરાન ખાન કહી ચુક્યો છે કે તે પાકિસ્તાની સેના છે. દુશ્મન સેના નથી. તેઓ સેનાને સાથે લઈને ચાલવામાં રસ ધરાવે છે. આવી સ્થિતિમાં ઈમરાન ખાનને જીતવા માટે પાકિસ્તાની સેનાએ તાકાત લગાવી દીધી છે. સેના ઉપર ઈમરાન ખાનને ટેકો આપવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. હાલમાં કરવામાં આવેલા ઓપિનિયન પોલ અને સર્વેમાં ઈરારાનની પાર્ટી મજબૂતરીતે ઉભરી રહી છે. પાકિસ્તાન તહેરીકે ઈન્સાફ પાર્ટીના પ્રમુખ તરીકે ઈમરાન ખાન છે અને સૌથી મજબૂત દાવેદાર વડાપ્રધાન પદ માટે ગણવામાં આવે છે. વર્ષ ૨૦૧૪માં દેશભરમાં ઈમરાને નવાઝ શરીફ સરકારની સામે ભ્રષ્ટાચારના આરોપોને લઈને દેખાવો કર્યા હતા. રાજીનામાની માંગ પણ કરી હતી. છેલ્લા પાંચ વર્ષથી પાકિસ્તાન તહેરીકે ઈન્સાફ ખેબર પખ્તુનખ્વામાં સરકાર ચલાવી રહી છે.

ગાજી ઉઠી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

થઈ રહી નથી. છેલ્લા ૧૦-૧૨ વર્ષથી થઈ રહી છે. મોહમ્મદ સલીમે કહ્યું હતું કે, આ પ્રકારની ઘટનાઓ અફવાઓના લીધે થાય કે પછી ગૌરક્ષાના નામ ઉપર થાય, બાળક ચોરીની શંકામાં થાય આ બાબત ખતરનાક છે. આ મામલો માત્ર હિન્દુ મુસ્લિમનો નથી. સ્વામી અગ્નિવેશ ઉપર પણ હુમલો થયો છે. ત્રિપુરા અને બંગાળમાં પણ આવી ઘટનાઓ બની છે. દેશમાં નફરતનો માહોલ બનાવવામાં આવી રહ્યો છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, સરકાર આ પ્રકારની ઘટનાઓને લઈને ચિંતિત છે અને સંભવિત તમામ પગલા લઈ રહી છે. તેમણે ઉમેર્યું હતુંકે, અગાઉ પણ આવી ઘટનાઓ થતી રહી છે. સૌથી મોટી લિંચિંગની ઘટના ૧૯૮૪માં થઈ હતી. આ પ્રકારની ઘટનાઓને રાજકીય રંગ આપવાના પ્રયાસ થવા જોઈએ નહીં. ગૃહમંત્રીએ કહ્યું હતું કે, ગઈકાલે હોમ સેક્રેટરીના નેતૃત્વમાં હાઈલેવલ કમિટિ રચવામાં આવી ચુકી છે. કમિટિ ચાર સપ્તાહમાં ભલામણ કરશે.

આ ભલામણ ઉપર તેમના નેતૃત્વવાળા ગ્રુપ ઓફ મિનિસ્ટર્સ દ્વારા નિર્ણય લેવામાં આવશે. જો જરૂર પડશે તો નવા કાયદા પણ બનાવવામાં આવશે. હાલમાં ઘટનાઓને લઈને અફડાતફડીનો માહોલ છે. રાજ્યસભામાં શૂન્યકાળ દરમિયાન તૃણમુલના નેતાએ આ મુદ્દો ઉઠાવ્યો હતો.

પરીક્ષા પદ્ધતિ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૫૦ ટકાના બદલે ૨૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો રહેશે. જયારે ૮૦ ગુણના અન્ય પ્રશ્નો રહેશે વિજ્ઞાનના વિષયોનુ પ્રાયોગિક કાર્ય ૫૦ ગુણનુ રહેશે. ધો-૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડ પરીક્ષામાં પ્રશ્નપત્રોનુ પરિરૂપ યથાવત રહેશે. જયારે ધો-૧૦ અને ૧૨ની માર્ચ ૨૦૧૯ માં લેવાનાર બોર્ડની પરીક્ષા માટે હાલ પરીક્ષા પધ્ધતિ યથાવત રહેશે.

શું શું ફેરફારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૦ ગુણ, બોર્ડના ૮૦ ગુણના પેપરમાં ૨૦ ટકા અથવા તો ૧૬ ગુણ હેલુલક્ષી પ્રશ્નોના અને ૮૦ ટકા અથવા તો ૬૪ ગુણ મોટા પ્રશ્નોના રહેશે

● વર્ષ ૨૦૧૯-૨૦થી ધોરણ ૧૦માં શાળાકીય સર્વગ્રાહી મુલ્યાંકનના સ્થાને આંતરિક મુલ્યાંકનના ૨૦ ગુણ હશે જેમાં પાંચ ગુણ પ્રથમ કસોટીના માર્કના આધારે, પાંચ ગુણ બીજી કસોટીના ગુણના આધારે, પાંચ ગુણ નોટબુકના આધારે, પાંચ ગુણ વિષયના એનરીચમેન્ટના આધારે મુકાશે

● ૨૦૧૮-૧૯થી ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ કસોટીના ૫૦, બીજી કસોટીના ૫૦, વાર્ષિક પરીક્ષા ૮૦ ગુણ હશે. ૫૦ ટકા એમસીક્યુ પદ્ધતિના બદલે ૨૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો હશે. ૮૦ ટકા મોટા પ્રશ્નોના રહેશે. આંતરિક મુલ્યાંકન ૨૦ ગુણના રહેશે જેમાં પાંચ ગુણ પ્રથમ કસોટીના માર્કના આધારે, પાંચ ગુણ બીજી કસોટીના ગુણના આધારે, પાંચ ગુણ નોટબુકના આધારે, પાંચ ગુણ વિષયના એનરીચમેન્ટના આધારે મુકાશે. કુલ ૨૦૦ ગુણના ૫૦ ટકા ગણતરી કરીને ૧૦૦ ગુણમાંથી વાર્ષિક મુલ્યાંકન કરીને આગળ વધાશે. ભૌતિક, રસાયણ અને જીવ વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્ય ૫૦ ગુણનું રહેશે. પ્રાયોગિક કાર્યના ગુણ માર્કશીટમાં અલગરીતે આવશે

● ૨૦૧૯-૨૦થી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની માર્ચ ૨૦૨૦ની બોર્ડની પરીક્ષામાં ૫૦ ટકા એમસીક્યુ પદ્ધતિના બદલે બોર્ડની પરીક્ષામાં ૧૦૦ ગુણના પ્રશ્નપત્રમાં ૨૦ ટકા હેતુલક્ષી અને ૮૦ ટકા મોટાપ્રશ્નોના રહેશે. ભૌતિક વિજ્ઞાન, રસાયણ અને જીવ વિજ્ઞાનમાં પ્રાયોગિક કાર્ય ૫૦ ગુણનું હશે.

● ધોરણ ૯ અને ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહના પ્રશ્નપત્ર પરીરુપ મોડેથી જણાવાશે

● ધોરણ ૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહમાં બોર્ડની પરીક્ષામાં પ્રશ્નપત્ર યથાવત રહેશે

● ધોરણ ૧૦ અને ૧૨ માર્ચ ૨૦૧૯માં લેવામાં આવનાર બોર્ડની પરીક્ષામાં પરીક્ષા પદ્ધતિ યથાવત રહેશે

પ્રતિક્ષા યાદી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ પ્રબળ બન્યો છે. સરકારે નવા અદ્યતન આવાસો બાંધવાની કાર્યયોજના હાથ ધરી છે. બીજીતરફ કેટલાક મકાનો રીનોવેશન હેઠળ છે. ત્યારે નવા આવાસો ફાળવવાનુ કામ તંત્ર માટે મુશ્કેલ બન્યુ છે. જેના લીધે તંત્રના ચોપડે આવાસના મામલે અરજદારોની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે. હાલની સ્થિતિએ સેકટરોમાં વિવિધ કક્ષાના સરકારી આવાસો માટે તંત્રના ચોપડે ૨ હજાર જેટલી અરજીઓ પેન્ડીંગ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. એકબાજુ નવા આવાસો હજુ તૈયાર થઈ રહયા છે. જયારે હજુ પણ નવા ટાવરો ઉભા કરવા માટે આયોજન કરવામાં આવી રહયુ છે. ત્યારે સે-૩૦ માં નવી યોજના આખરી તબક્કામાં છે. જેમાં પણ અરજદારોને આવાસની ફાળવણી કરવામાં આવશે તેમ મનાઈ રહયુ છે.